# સાબરકાંઠામાં વરસાદની ધમાકેદાર એન્ટ્રી : અરવલ્લીમાં વરસાદી ઝાપટાંની ઝરમર

## વિજયનગર-૩, ઈડર-દોઢ, વડાલીમાં ૧ ઈંચ વરસાદ, ભીમ અગિયારસ પૂર્વે વરસાદની પધરામણીથી ખેડૂતોમાં ખુશાલી

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૨૦

સાબરકાંઠા જિલ્લાના કેટલાક તાલુકાઓમાં ભીમ અગિયારસ પૂર્વે વરસાદની ધમાકેદાર એન્ટ્રી થઈ છે. વિજયનગર-૩, ઈડર-દોઢ, વડાલીમાં ૧ ઈંચ વરસાદ વરસતાં ખેડૂતો ઘેલમાં આવી ગયા છે. ભીમ અગિયારસ પૂર્વે વરસાદની પધરામણી શુકનવંતી માનવામાં આવતી હોવાથી આગામી ટૂંક સમયમાં ખરીફ વાવેતરનો વિસ્તાર વધી શકે છે. જ્યારે અરવલ્લી જિલ્લામાં કાળાં ડીબાંગ વાદળોની જમાવટ વચ્ચે માત્ર વરસાદી ઝાપટાં વરસતાં અસહ્ય બફારામાં પીસાતી પ્રજાને રાહત થઈ છે. હજુ પણ જિલ્લામાં વરસાદી માહોલ યથાવત રહેતાં ખેડૂતોમાં ઉત્સાહ છવાયો છે.

જિલ્લામાં ઉનાળાની વિદાય છતાં વાતાવરણમાં અસહ્ય બફારો અનુભવાતાં પ્રજાજનો અકળાઈ ઉઠ્યા હતા. કેટલાક વિસ્તારોમાં અગાઉ કમોસમી માવઠું વરસ્યા પછી વાતાવરણમાં ભેજનું પ્રમાણ વધ્યું. તાઉતે વાવાઝોડાની અસરને ૧ મહિનો વિત્યા પછી ઓણસાલ ચોમાસાની વહેલી પધરામણી થઈ છે. સામાન્ય રીતે ૨૦ જૂન પછી વિધિવત રીતે નૈઋત્યનું ચોમાસુ જિલ્લામાં જમાવટ કરતું હોય છે પરંતુ વાતાવરણમાં બદલાવને કારણે સાબરકાંઠા, અરવલ્લી જિલ્લાના અનેક વિસ્તારોમાં વરસાદે વહેલી એન્ટ્રી કરી છે. છેલ્લા ૨૪ કલાક દરમ્યાન સાબરકાંઠા જિલ્લામાં વરસાદે શરૂઆતથી જ તોફાની ઈનિંગ ખેલી છે. ધોધમાર વરસાદ વરસતાં અનેક નિચાણવાળા વિસ્તારોમાં પાણી ભરાયાં હતાં જ્યારે ધોધમાર વરસાદની આશાઓ વચ્ચે અરવલ્લી જિલ્લામાં પ્રજા અને ખેડૂતોને સામાન્ય ઝાપટાંથી સંતોષ માનવો પડ્યો છે. ઓણસાલ ચોમાસુ ૧૨ આની રહેવાની આગાહી વચ્ચે ખેડૂતોએ ખરીફ વાવેતર માટે થોભો અને રાહ જુઓની નીતિ અપનાવી હતી પરંતુ હવે કેટલાક વિસ્તારોમાં વાવણીલાયક વરસાદ વરસતાં ખેતરોમાં વાવેતરનો ધમધમાટ બમણા જોરથી શરૂ થયો છે. અરવલ્લી જિલ્લામાં હજુ પણ વરસાદી માહોલ યથાવત હોવાના કારણે મોંડી રાત્રે કેટલાક વિસ્તારોમાં વરસાદની શક્યતા જણાઈ રહી છે.

**જિલ્લામાં વરસાદની સ્થિતિ...**

| તાલુકા | વરસાદ (મિમીમાં) |
|---|---|
| વિજયનગર | ૭૩ |
| ઈડર | ૩૭ |
| ખેડબ્રહ્મા | ૨૭ |
| વડાલી | ૨૬ |
| હિંમતનગર | ૧૬ |
| ભિલોડા | ૧૬ |
| માલપુર | ૧૩ |
| ધનસુરા | ૧૦ |
| મોડાસા | ૦૭ |
| મેઘરજ | ૦૬ |
| તલોદ | ૦૬ |
| બાયડ | ૦૫ |
| પોશીના | ૦૫ |
| પ્રાંતિજ | ૦૨ |



# મેઘમહેર : સાબરકાંઠા, અરવલ્લીમાં ખરીફ વાવેતરનો ધમધમાટ

## સિંચાઈની સુવિધાવાળા વિસ્તારોમાં ૩૧,૦૦૦ હેક્ટર જમીનમાં વાવણી

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૨૦

સાબરકાંઠા, અરવલ્લી જિલ્લામાં વાદળોની જમાવટ વચ્ચે વિધિવત રીતે વરસાદની પધરામણી થઈ છે. બંન્ને જિલ્લામાં વરસાદના આગમન સાથે ખરીફ વાવેતરનો ધમધમાટ શરૂ થયો છે. ખાસ કરીને સિંચાઈની સુવિધા ધરાવતા વિસ્તારોમાં અત્યાર સુધીમાં ૩૧,૧૪૬ હેક્ટર જમીનમાં વાવેતર થયા પછી હવે વરસાદ વરસતાં વાવેતર વિસ્તારમાં વધારો થવાની સંભાવના છે. ઓણસાલ સાબરકાંઠા જિલ્લાના ખેડૂતોએ શરૂઆતથી વાવેતરમાં વધુ ઉત્સાહ દાખવ્યો હોય તેમ ૨૫,૦૩૩ હેક્ટર જમીનમાં વધુ તેમજ અરવલ્લી જિલ્લામાં ૬૧૧૩ હેક્ટર જમીનમાં ઓછું વાવેતર નોંધાયાનું ખેતી સૂત્રો જણાવી રહ્યા છે. જો કે હવે ચોમાસુ સીસ્ટમ સક્રીય થતાં બંન્ને જિલ્લામાં ખરીફ વાવેતર શરૂ



કરવા માટે ખેડૂતોએ તડામાર તૈયારીઓ શરૂ કરતાં ખેતસીમાડા ધમધમી રહ્યા છે.

જિલ્લામાં જેઠ મહિનામાં અષાઢી માહોલનો આલ્હાદક નજારો વરસાદની હાજરીથી જોવા મળી રહ્યો છે. વાતાવરણમાં બદલાવ આવ્યા પછી રાત્રે બંન્ને જિલ્લાના કેટલાક તાલુકાઓમાં વરસાદે હાજરી નોંધાવી છે જેના કારણે ખેતરોમાં વાવેતરનો ઉત્સાહ ખેડૂતોમાં બેવડાયો છે. અગાઉ તાઉતે વાવાઝોડાની ઈફેક્ટથી કમોસમી માવઠું વરસતાં ખાસ કરીને બાગાયતી ખેતીને નુકસાન પહોંચ્યું હતું. હવામાનના બદલાવથી ખેડૂતોએ ખરીફ વાવેતર મુદ્દે વાવણીલાયક વરસાદની રાહ જોઈ હતી પરંતુ સાબરકાંઠા જિલ્લાના પિયતવાળા વિસ્તારોમાં ખેડૂતોએ મગફળી સહિતના પાકોનું આગોતરૂ વાવેતર કરી દીધું છે. જ્યારે અરવલ્લી જિલ્લામાં વાવણીની ધીમી શરૂઆત સ્પષ્ટ દેખાઈ રહી છે. સિંચાઈની અપર્યાપ્ત સુવિધાના કારણે મોટાભાગના ખેડૂતો આકાશી ખેતી ઉપર નભતા હોય છે. જેથી વરસાદ બાદ હવે નવરચિત જિલ્લામાં વાવેતર વિસ્તાર વધી શકે છે.

# કોટડા ગઢીમાં વેપારીની નવી સ્કોર્પિયોના કાચ ફૂટ્યા

## દ્વેષભાવ રાખી નુકસાન કરાતાં ફરિયાદ

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૨૦

પોશીના તાલુકાના કોટડાગઢી ગામે વેપારી સોનુ ઉર્ફે સેજાદનવાબુદ્દીન શેખની નવી સ્કોર્પિયો ગાડીના કાચ રાકેશ લક્ષ્મણભાઈ ખોખરીયા અને અન્ય ૩ ઈસમોએ લોખંડની પાઈપ તેમજ લાકડીના ઘા ઝીંકી ફોડી નાખતાં પોલીસ ફરિયાદ થઈ છે. કાચ ફોડવાના ઠપકામાં ઉશ્કેરાયેલા ઈસમોએ અપશબ્દો બોલી જાનથી મારી નાખવાની ધમકી આપતાં ખેરોજ પોલીસે ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.



ગુનાખોરીથી પંકાયેલા પોશીના પંથકમાં સામાન્ય વાતમાં લોહીયાળ હુમલા કાયમી બન્યા છે. પોલીસની ધાક જેવું કશું રહ્યું ન હોવાથી સામાન્ય વાતમાં કાયદો વ્યવસ્થા લકવાગ્રસ્ત થતી હોય છે. તાલુકાના કોટડાગઢીના વેપારીએ તા.૧૮ના રોજ તેની નવી સ્કોર્પિયો સલમાનના ઘર આગળ પાર્ક કરી હતી જે સમયે ૪ ઈસમોએ નવી ગાડી પ્રત્યે દ્વેષભાવ રાખી કાચ ફોડી નાખ્યા હતા જેમાં સલમાને કેમ કાચ ફોડો છો તેમ કહેતાં અપશબ્દો બોલી તું કોઈને કાચ ફોડ્યા છે તેમ કહીશ તો જાનથી મારી નાખીશું તેવી ધમકી આપવાની સાથે ઘર ઉપર પથ્થર મારો કરતાં વાતાવરણ તંગ બની ગયું હતું. ઉશ્કેરાયેલા ઈસમોએ સ્કોર્પિયોને રૂા.૨૦,૦૦૦નું નુકસાન પહોંચાડતાં ખેરોજ પોલીસે વેપારીની ફરિયાદના આધારે રાકેશ લક્ષ્મણભાઈ ખોખરીયા (રહે.કોટડાગઢી, તા.પોશીના) અને અન્ય ૩ ઈસમો વિરૂદ્ધ ગુનો નોંધ્યો છે.

# વરસાદી માહોલ : જિલ્લામાં ગરમા ગરમ ચા-નાસ્તાની લારીઓ ઉપર સ્વાદ શોખીનોનો જમાવડો

## કોરોના કાળમાં સ્વાદ ભારે પડી શકે..!!

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૨૦

વરસાદના આરંભ સાથે સાબરકાંઠા, અરવલ્લી જિલ્લાના શહેરી વિસ્તારોમાં ગરમા ગરમ ચા-નાસ્તાની રેકડીઓ ઉપર સ્વાદ શોખીનોનો જમાવડો શરૂ થયો છે. બે દિવસથી વરસાદી માહોલ હોવાથી ચા તેમજ ગરમા ગરમ ભજીયા અને ગાંઠીયા આરોગવા માટે ગ્રાહકોની ભીડ ઉમટી રહી છે. જો કે કોરોના કાળમાં ગમે તેટલી સાવધાની રાખવામાં આવે પરંતુ બહારની ખાણીપીણી ક્યારેક ભારે પડી શકે તેવી દહેશત છે.

જિલ્લામાં કોરોનાના કપરા કાળમાં લૉકડાઉનમાં અનેક ધંધા-રોજગારો ચોપટ થઈ ગયા હતા. સંક્રમણ અટકાવવા માટે ખાણીપીણીની લારીઓ બંધ કરવામાં આવતાં નાના ધંધાર્થીઓને ફટકો પડવાની સાથે ગરમા ગરમ



ચા-નાસ્તાના શોખીનો માટે મુશ્કેલ દિવસો વિતાવવા અઘરા બની ગયા હતા. કોરોનાનું સંક્રમણ હવે ઘટતાં સરકારે અનલૉક જાહેર કર્યા પછી ધંધા-રોજગારો ફરીથી પાટે ચઢ્યા છે તેમાંય બે દિવસથી વરસાદી માહોલ જામ્યો છે જેના કારણે બંન્ને જિલ્લાના શહેરી વિસ્તારોમાં ગરમા ગરમ ચા અને નાસ્તા માટે સ્વાદ શોખીનોની ભીડ ઉમટી રહી છે. વરસાદના આલ્હાદક વાતાવરણમાં ચા ની કીટલીઓ ઉપર તેમજ નાસ્તા-ફરસાણની લારીઓ ઉપર ગ્રાહકોની ભીડમાં વધારો થઈ રહ્યો છે. ભજીયા, કાંદાવડા, ગાંઠીયા સહિતના નાસ્તાનું વેચાણ કરનાર રેકડીઓ માટે કોરોના કાળ પછી અચ્છે દિન શરૂ થયા હોય તેવા દ્રશ્યો જોવા મળી રહ્યા છે. ઉલ્લેખનીય છે કે ફરજીયાત માસ્ક અને સોશ્યલ ડિસ્ટન્સના નિયમોનું કડકાઈથી પાલન કરવામાં આવતાં વર્તમાન સમયમાં કોરોનાનું સંક્રમણ ઘટ્યું જરૂર છે પરંતુ જીભના સ્વાદ ઉપર અંકુશ મૂકવામાં નહીં આવે તો ચા અને બહારના નાસ્તાનો શોખ સંક્રમણને નિમંત્રી શકે છે.

# પરીક્ષેત્ર વન અધિકારી પરીક્ષા : સાબરકાંઠામાં માત્ર ૩૨ ટકા ઉમેદવારો પરીક્ષા આપી

## ઉમેદવારોમાં પરીક્ષા આપવાનો કોઈ ઉત્સાહ નથી

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૨૦

જી.પી.એસ.સી. દ્વારા જી.પી.એસ.સી. દ્વારા ઉમેદવારોનો ઉત્સાહ વધે તેવા પ્રયાસ કરવાનો



રવિવારે રાજ્યમાં પરીક્ષેત્ર વન અધિકારી વર્ગ-૨ ની પરીક્ષા યોજવામાં આવી. સાબરકાંઠાના ૨૪ પરીક્ષા કેન્દ્રો ઉપર માત્ર ૨૫ ટકા ઉમેદવારોએ પરીક્ષા આપતાં હવે ઉમેદવારોમાં સ્પર્ધાત્મક પરીક્ષા આપવામાં કોઈ જાજો ઉત્સાહ ન હોય તેવું ચિત્ર ઉપસ્યું છે. રાજ્ય સરકાર અને સમય પાકી ગયો છે. સાબરકાંઠાના હિંમતનગર ખાતેના પરીક્ષા કેન્દ્ર ઉપર યોજાયેલી પરીક્ષામાં નોંધાયેલા ૫૫૮૨ ઉમેદવારોમાંથી માત્ર ૧૮૧૮ ઉમેદવાર હાજર રહ્યા હતા. ૩૭૬૪ ઉમેદવારો ગેરહાજર રહ્યા હતા.

કોરોના તેમજ રાજ્ય સરકારના ભરતી બોર્ડ દ્વારા છાશવારે થતા છબરડા તેમજ અન્ય કારણોસર અનેક ઉમેદવારો નાસીપાસ થયા છે. રાજ્ય સરકાર દ્વારા વિવિધ વિભાગોમાંથી નિવૃત્ત થતા અધિકારીઓની ખાલી જગ્યા ઉપર નવી ભરતી કરવાના બદલે નિવૃત્ત થયેલા સરકારી બાબુઓને નિયુક્ત કરીને ગુજરાતના વિકાસને પણ રૂંધતું હોય તેવો આક્રોશ બેરોજગારોમાં જોવા મળ્યો છે. ધબકતું થયું અને એ સાથે જ જી.પી.એસ.સી. દ્વારા પરીક્ષેત્ર વન અધિકારી વર્ગ-૨ ની પરીક્ષાનું ઝડપી આયોજન થયું. તા.૨૦ જૂનના રોજ યોજાયેલી પરીક્ષામાં હિંમતનગરના પરીક્ષા કેન્દ્રમાં પ્રથમ સેશનની પરીક્ષામાં માત્ર ૩૨.૫૭ ટકા ઉમેદવારો હાજર રહ્યા હતા. ઉમેદવારોની પાંખી હાજરીને ભલે કોરોના સાથે



કોરોનાના કારણે જી.પી.એસ.સી.ની વર્ગ-૨ માટેની અનેક પરીક્ષાઓ પાછી ઠેલાઈ છે. સમગ્ર ગુજરાત અનલૉક થયા પછી જનજીવન જોડવામાં આવે પરંતુ સરકાર અને જી.પી.એસ.સી.એ પણ આ બાબતને ગંભીરતાથી લેવાની જરૂર છે.

# 'એક પેડ મેરા ભી' અભિયાન રંગ લાવ્યું

બાયડ તા.૨૦

પર્યાવરણ ની જાળવણીની એ આપણા સૌ નું કર્તવ્ય છે , આપણી આસપાસ નું પર્યાવરણ શુધ્ધ રાખવું એ આપણા માટે જરૂરી છે. વનસ્પિત આપણી ગણી બધી જરૂરિયાતો પૂરી કરે છે. જેમકે છાયડો, ફળ, ફૂલ, ઔષધ, વરસાદ લાવવામાં મદદ અને ખાસ તો ઓકસીજન પૂરો પાડે છે ત્યારે આવું જ કઈંક કામ કર્યું છે એચ.આઈ.ટાઢા મદની હાયર સેકન્ડરી સ્કૂલના બાયોલોજીના શિક્ષક મહંમદ હનીફભાઈ દાદુ એ 'એક પેડ મેરા ભી' ના સૂત્ર દ્વારા તેમને પોતાનાથી જ આ અભિયાનની શરૂઆત કરી છે જેમાં દરેક નાગરિક પોતાનાં ઘરે એક વૃક્ષ અવશ્ય લગાવે અને જેનો સેલ્ફીમાં લીધેલો એક ફોટો તેમને શેર કરે.જે ફોટાને તેઓ સોશિઅલ મીડિયામાં શેર કરે છે અને બીજા લોકોને પણ



આ અભિયાનમાં જોડાવવા માટે અપીલ કરે છે.જેના થકી ભવિષ્યમાં પર્યાવરણમાં ઑક્સિજનની કમીને પણ પુરી કરી શકાય અને વાતાવરણને શુદ્ધ પણ રાખી શકાય. આ અભિયાનમાં ઉર્દૂ શાળા ના મુખ્ય શિક્ષક ફાતિમાબેન ભૂરા, રેહનાબેન પહોંચીયા દાદુ ,સલીમભાઈ પટેલ(એસેન્ટ કમ્પ્યુટર)તેમજ મદની શાળાના મેથ્સના શિક્ષક કુંદનસિંહ સોલંકી પણ તેમના આ અભિયાન માં જોડાયા છે. આ અભિયાન ને સારો પ્રતિસાદ મળી રહ્યો છે રવિવારે આ સંદર્ભે રોપા વિતરણ કાર્યક્રમ થયો જેમાં લોકો એ ભાગ લીધો અને એક વૃક્ષ વાવવાનું અને તેનો ઉછેર કરવાનું પ્રણ લીધું ...

# જિલ્લાના પ્રવાસન સ્થળો ઉપર ઈન્ટરનેટ સેવા નબળી, અનલૉક પછી પણ સેવામાં સુધારો ન આવતાં રોષ

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૨૦

સાબરકાંઠા, અરવલ્લી જિલ્લાના પ્રવાસન સ્થળોના વિકાસ પાછળ અત્યાર સુધીમાં કરોડો રૂપિયા ખર્ચાયા છે. કોરોના કાળમાં અનલૉક પછી સરકારી ગાઈડલાઈન સાથે પ્રવાસીઓની સંખ્યામાં પ્રવાસન સ્થળોએ વધારો થઈ રહ્યો છે પરંતુ આજની સ્થિતિએ પણ ઈન્ટરનેટ સેવામાં કોઈ સુધારો આવ્યો નથી. દૂર દૂરથી પ્રવાસીઓ જાણીતા સ્થળોની મુલાકાતે આવે તો નબળી ઈન્ટરનેટ સેવાના કારણે હાલાકી અનુભવતા હોય છે. હાઈટેક યુગમાં પ્રવાસન સ્થળો ઉપર નેટ સેવા મળતી ન હોવાથી સહેલાણીઓમાં નારાજગી છે. જિલ્લાની જાણીતી વિજયનગરની પોળોમાં સહેલાણીઓની સુવિધાઓ માટે કરોડો રૂપિયા ખર્ચાયા છે પરંતુ નેટ સેવા યોગ્ય રીતે મળતી નથી જેથી પ્રવાસનને વેગ આપવો હોય તો સરકારે લકવાગ્રસ્ત નેટ સેવામાં સુધારો લાવવો જોઈએ તેવું સહેલાણીઓ બોલી રહ્યા છે.

જિલ્લામાં કુદરતે છૂટા હાથે સૌંદર્ય વેર્યું છે. દર વર્ષે ચોમાસાની સીઝનમાં વિજયનગરની જૈન પોળો સેમી કાશ્મીરમાં તબદીલ થઈ જતી હોય છે. પોળો તેમજ પ્રકૃતિના સાનિધ્યમાં સૈંકા જૂનો ઈતિહાસ સચવાયેલો હોવાથી દૂર દૂરથી સહેલાણીઓ પોળો તેમજ જિલ્લાના અન્ય પર્યટક સ્થળોની મુલાકાતે આવતા હોય છે. રાજ્ય સરકાર તમામ પ્રવાસન સ્થળોના વિકાસ માટે કટીબદ્ધ બની કરોડો રૂપિયાના ખર્ચે પ્રવાસીઓ માટે સવલતો ઉભી કરવાના દાવા કરે છે પરંતુ જિલ્લાના પર્યટક સ્થળોનો વિકાસ સિમિત બની ગયો છે. કોરોનાનું સંક્રમણ અટકાવવા માટે જિલ્લા વહીવટી તંત્ર દ્વારા અગાઉ પોળોમાં પ્રવાસીઓના પ્રવેશ ઉપર પ્રતિબંધ મૂકવામાં આવ્યો હતો ત્યારબાદ સરકારે હવે ગાઈડલાઈન સાથે ધાર્મિક સ્થળો શરૂ કરવાની મંજૂરી આપતાં પ્રસિદ્ધ યાત્રાધામોમાં ફરજીયાત માસ્ક અને સોશ્યલ ડીસ્ટન્સ સાથે દર્શાર્થીઓનો ધસારો શરૂ થયો છે. વરસાદના આરંભ સાથે વિજયનગરની પોળોમાં પણ પ્રવાસીઓની સંખ્યામાં આગામી સમયમાં વધારો થવાની સંભાવના છે પરંતુ ઈન્ટરનેટ સેવા લકવાગ્રસ્ત હોવાના કારણે દૂર દૂરથી આવનાર સહેલાણીઓને નબળી નેટ સેવાનો કડવો અનુભવ થઈ શકે છે. કોરોના કાળમાં સૂમસામ બનેલી વિજયનગરની પોળો વરસાદના આગમનથી ધમધમતી થાય તો પૂર્વે જવાબદાર તંત્ર આજના યુગમાં જરૂરી ઈન્ટરનેટ સેવા બહારથી આવનારા સહેલાણીઓને યોગ્ય રીતે મળે તેવા પ્રયાસો કરે તે ઈચ્છનીય છે.